ગાંધીનગર સમાચાર

વાઇબ્રન્ટ સમિટ પુર્વે કંગાળ ભાસતા સ્ટ્રીટ લાઇટના પોલ્સને કલર કરાશે



તાજિયા જુલુસ : મહોરમ નિમિત્તે બુધવારે શહેરમાં તાજીયાનું ભવ્ય જુલુસ નીકળ્યું હતું. શહેરના વવિધ વિસ્તારોમાંથી નીકળેલા આ જુલુસમાં મુસ્લિમ બિરાદરો મોટી સંખ્યામાં જોડાયા હતા. નગરના મહાનુભાવોએ તાજીયાનું સ્વાગત કરી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. માનવતા કાજે હઝરત ઈમામ હુસેન અને તેમના સાથીઓએ વહોરેલી શહાદતની યાદમાં ઉજવાતા આ પર્વે વિવિધ ધાર્મિક કાર્યક્રમો અને મિજલીસોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

# આજે પક્ષાંતર ધારા ભંગની કાર્યવાહી સામે મેયર તેમનો જવાબ રજુ કરશે

ગાંધીનગર, તા. ૧૨

પક્ષાંતર ધારા ભંગની ફરિયાદનો સામનો કરી રહેલા મેયર પ્રવિણ પટેલ આજે તેમનો જવાબ નામનિર્દિષ્ટ અધિકારીની કોર્ટમાં રજુ કરશે.

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર પ્રવિણ પટેલ સામે કોંગ્રેસના શૈલેન્દ્રસિંહ બિહોલાએ પક્ષાંતરધારા અન્વયે કાર્યવાહી કરવા માટે અરજી કરી હતી. નામનિર્દિષ્ટ અધિકારીની કોર્ટમાંથી તેમને નોટીસ ઈસ્યુ કરાતાં તે નોટીસનો જવાબ આપવા માટે સમયની માંગણી કરતા ગ્રાહ્ય રાખી ૧૩મી ઓક્ટો.ની મુદત આપવામાં આવી હતી.

મેયર વતી તેમના એડવોકેટ કમલનયન બ્રહ્મભટ્ટે નોટીસનો જવાબ રજુ કરવા માટે મુદતની માંગણી કરી હતી. આજે તેમના એડવોકેટ મેયર વતી જવાબ રજુ કરશે અને ત્યાર પછી આગળની કાનૂની લડત ચાલશે.

ગાંધીનગર મનપાના બીજા મેયર પક્ષાંતર ધારા ભંગની ફરિયાદનો સામનો કરી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# વાઈબ્રન્ટ સમિટ પુર્વે કંગાળ ભાસતા સ્ટ્રીટ લાઈટના પોલ્સને કલર કરાશે

ગાંધીનગર તા ૧૨

આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી સ્ટ્રીટ લાઈટના પોલ્સને રંગરોગાન કરવામાંઆવશે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના કટાયેલા પોલ્સ કંગાળ હાલતમાં છે. ત્યારે અગાઉ માત્ર એક હજાર થાંભલાને કલર કરવામાં આવ્યો હતો. જયારે વાઈબ્રન્ટ પુર્વે થાંભલાઓને રંગરોગાન કરી ચકાચક બનાવી દેવાશે.

આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી તંત્ર દ્વારા જરૂરી તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ તંત્ર દ્વારા રોડનેટવર્કના બ્યુટીફીકેશન તેમજ માર્ગ સુધારણાના જરૂરી કામો હાથ ધરવા માટે પણ વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. શહેરના મુખ્ય માર્ગોની સુધારણા ઉપરાંત રોડ ફર્નિચરનુ કામ પણ હાથ ધરાશે. વધુમાં માર્ગો આસપાસ સ્થિત ફુટપાથના નેટવર્કને પણ યોગ્ય કરવા માટે કામ હાથ ધરાશે જેમાં ફુટપાથના સમારકામ ઉપરાંત કલરનુ કામ પણ કરવામાં આવશે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરમાં રસ્તા અને ફુટપાથની સાથે સ્ટ્રીટ લાઈટની કામગીરી પણ હાથ ધરાશે. શહેરના માર્ગો પર અજવાળુ પાથરવા માટે

● અનુસંધાન પાન-૭ પર

# આવતીકાલથી ધોરણ ૧૨ની સેમેસ્ટર પરીક્ષા

ગાંધીનગર તા ૧૨

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બાર્ડ દ્વારા આવતીકાલથી ધોરણ- ૧૨ સેમેસ્ટર ત્રણની કસોટીનુ આયોજન કરવામાં આવ્યુ છે. જિલ્લામાંથી ૬ હજાર વિદ્યાર્થીઓ આ કસોટી આપશે. જયારે જિલ્લાના ૨૭ બિલ્ડીંગમાં પરીક્ષાલક્ષી કાર્યવાહી હાથ ધરાશે. કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પ્રત્યેક પરીક્ષાખંડમાં સી સી ટી વી કેમેરાની વોચ રાખવમાં આવી છે.

નવરાત પુર્ણ થતા હવે ધોરણ ૧૨ ની સેમેસ્ટર પરીક્ષાનો પ્રારંભ થશે. તા ૧૪ ઓકટોબરથી સેમેસ્ટર ત્રણની પરીક્ષા શરૂ થશે.જિલ્લાના ૨૭ બિલ્ડીંગોમાં પરીક્ષાની કાર્યવાહી હાથ ધરાશે. જેમાં ગાંધીનગરના ૧૩ ,કલોલ, માણસા,દહેગામના ૩ કેન્દ્રો પર પરીક્ષાની કાર્યવાહી હાથ ધરાશે. આ પરીક્ષા કેન્દ્રો પર જિલ્લાના ૬ હજાર વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવાશે. તમામ પરીક્ષા કેન્દ્રો પર સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવાશે . પરીક્ષા કેન્દ્રો પર કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સ્કોવોર્ડની ટીમ રાઉન્ડ લેશે. જિલ્લા કક્ષાએ આ માટે ટીમ પણ બનાવી છે. પરીક્ષા ઓ એમ આર પધ્ધતિથી લેવાશે. પરીક્ષાના આડે હવે માત્ર એક જ દિવસ આડો રહયો હોવાથી વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારીમાં લાગી ગયા છે. ધોરણ ૧૨ ની સેમેસ્ટર પરીક્ષા ઉપરાંત અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાનો દૌર પણ શરૂ થઈ ગયો હોવાથી જિલ્લા શિક્ષણ તંત્ર પરીક્ષાની કાર્યવાહીમાં વ્યસ્ત છે.ધોરણ ૧૨ની સેમેસ્ટર પરીક્ષા ઉપરાંત ઓફિસ આશિષ્ટન્ટની પરીક્ષા માટે પણ તંત્ર સજ્જ થઈ ગયુ છે. આ પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણતંત્રએ અત્યારસુધી સૌથી વધુ બિલ્ડીંગોમાં બેઠક વ્યવસ્થા ગોઠવી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ધોરણ ૧૨ ની સેમેસ્ટર પરીક્ષા ઉપરાંત સ્પર્ધાત્મક પરીક્ષાઓનો દૌર શરૂ થતા સૌ કોઈ પરીક્ષાલક્ષી તૈયારીમાં ગળાડુબ બન્યા છે.

# ઈન્ફોસિટી ખાતે શરદોત્સવ નિમિત્તે ભવ્ય ગરબાનુ આયોજન

**પ્રથમવાર એલ ઈ ડી સ્ટેજ, આંતશબાજી તેમજ ગરબા રમવા માટે વયજુથ મુજબ મેદાન તૈયાર : વિપક્ષના નેતા શંકરસિંહ ઉદઘાટન કરશે**

ગાંધીનગર તા ૧૨

શરદ પુર્ણિમાની ઉજવણી નિમિત્તે ઈન્ફોસિટી ખાતે તા ૧૬ ઓકટોબરના રોજ ગરબાનુ આયોજન કરવામાં આવ્યુ છે. સ્માર્ટ પ્લસ ફિલ્મ અને ઈવેન્ટ દ્વારા શરદોત્સવની ઉજવણી કરવામાં આવશે. ગરબા દરમિયાન ૪ હજાર દિવડાઓની મહાઆરતી પણ યોજાશે. સૌ પ્રથમવાર એલ ઈ ડી સ્ટેજ પણ આકર્ષણનુ કેન્દ્ર બનશે.

ઈન્ફોસીટી કલબ એન્ડ રીસોર્ટ ખાતે શરદોત્સવની ઉજવણી અન્વયે શ્રીફલ હાઈટસના સહયોગથી તા ૧૬ ઓકટોબરના રોજ સાંજે ૭ કલાકે ભવ્ય ગરબાનુ આયોજન કરવામાં આવ્યુ છે. શરદોત્સવની ઉજવણી અન્વયે દિપક વ્યાસ તેમજ વિક્રમ પટેલે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે આ ગરબા નાઈટનુ ઉદઘાટન વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા દ્વારા કરવામાં આવશે. જયારે મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગરના મેયર પ્રવિણ પટેલ તેમજ ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા ઉપસ્થિત રહેશે. ગુજરાતી ફિલ્મના અભિનેતા

● અનુસંધાન પાન-૭ પર

# હવે; જિલ્લાઓમાં પાટીદારોને મનાવવા કૃષિ પ્રભારી અધિકારીની નિયુક્તી કરવામાં આવશે

**દર ચાર ગામે એક કૃષિ પ્રભારી અધિકારીની નિમણુંક થશે, ખેડૂતો સાથે સીધો સંપર્ક સાધવાની દિશામાં મહત્વનું પગલુ**

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત સરકારે સ્થાનિક સ્વરાજયની આવી રહેલી ચૂંટણીઓને ધ્યાને રાખી પાટીદારોને મનાવવાની વ્યુહરચનાનું વધુ એક પાનુ ખોલ્યુ છે. હવે ચારથી પાંચ ગામ વચ્ચે એક કૃષિ પ્રભારી અધિકારીની નિમણુંક કરી પાટીદારોના કૃષિ વિષયક પ્રશ્નોના ઉકેલની કામગીરી હાથ ધરવાનું અભિયાન છેડ્યુ છે.

રાજ્યના કૃષિ વિભાગ દ્વારા આ કૃષિ પ્રભારી અધિકારીઓની નિમણુંક કરવા માટેના આદેશો જારી કરી દેવામાં આવ્યા છે. ત્રણથી ચાર ગામ વચ્ચે એક કૃષિ પ્રભારી અધિકારી ફરજ બજાવશે. જેમાં કૃષિ વિષયક પ્રશ્નો અંગેની જાણકારી મેળવી તે જિલ્લા અને તાલુકા કક્ષાએ ઉકેલ માટેના સંકલિત પ્રયાસો કરશે.

દર મહિને આ કૃષિ પ્રભારી અધિકારીઓની સમીક્ષા બેઠક મળશે. જેમાં તેમણે કરેલી રજુઆત અને તંત્ર દ્વારા લેવામાં આવેલ

● અનુસંધાન પાન-૭ પર



આ અહીં પહોંચ્યા પછી, બસ આટલું સમજાય છે, કોઈ કાંઈ કરતું નથી, આ બધુ તો થાય છે... આ દિવ્ય કવિતાના કવિ શ્રી રાજેન્દ્ર શુક્લની શબ્દયાત્રાનું રસપ્રદ વ્યાખ્યાન બુધવારની સાંજે યોજાયું હતું. વેસ્ટર્ન એગ્રી સીડ્સના યજમાન પદે યોજાયેલ આજીવન શિક્ષક તખ્તસિંહ પરમાર (ગુરૂજી) વ્યાખ્યાનમાળાનું પ્રથમ વ્યાખ્યાન કવિવર રાજેન્દ્ર શુક્લએ શબ્દયાત્રાની કેફિયત રજૂ કરી ત્યારે શહેરના સાહિત્ય પ્રેમીઓ તરબોળ બન્યા હતા....

# આજે મંત્રીમંડળની મહત્વની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર ખાતે આવતીકાલે મુખ્યમંત્રી નિવાસસ્થાને મંત્રીઓની એક મહત્વની બેઠક મળનારી છે. જેમાં વિભાગોની કેટલીક યોજનાઓના કામો ઝડપથી હાથ ધરી અને પુરા કરવા માટે મંત્રીઓને સૂચનાઓ આપવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલે સાંજે મુખ્યમંત્રી નિવાસસ્થાને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મંત્રીઓની એક બેઠક મળનારી છે.

પ્રાપ્ત વિગતો મુજબ આ બેઠકમાં દરેક વિભાગોમાં કઈ કઈ પ્રજાલક્ષી યોજનાઓની કામગીરી કેટલી થઈ છે કેટલી બાકી છે તે અંગેની વિગતોની જાણકારી મેળવવામાં આવશે અને આ યોજનાઓને ઝડપથી પૂર્ણ કરવા માટેની સૂચનાઓ સંબંધીત વિભાગના મંત્રીઓને આપવામાં આવશે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ થોડા સમય અગાઉ કેબીનેટની બેઠકમાં પણ વિભાગવાર યોજનાની

● અનુસંધાન પાન-૭ પર

**જોઈએ છે**

સેક્ટર-૮ ખાતે ૨૪ કલાક રહી ૨ વ્યક્તિની રસોઈ તથા ઘરનું કામકાજ કરી શકે તેવા બહેનની જરૂર છે.

મો. : ૯૮૨૫૭ ૧૯૯૮૬

**ગાંધીનગર કલ્ચરલ ફોરમ**

**ખોવાયેલ ચીજ-વસ્તુઓ જોગ**

ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત નવરાત્રી મહોત્સવ-૨૦૧૬ દરમિયાન ઉપસ્થિત ખેલૈયાઓ અને દર્શકોની ખોવાયેલી કેટલીક ચીજવસ્તુઓ મળેલ છે. સાબિતી આપી મેળવી લેવા વિનંતી છે.

**ગાંધીનગર સમાચાર કાર્યાલય**

સ્થળ : ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ● સમય : સવારે ૧૧ થી સાંજે ૭

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ

નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર

આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ

દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય

સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.

ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.

એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮

સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN

ashirvad

BENELAVE

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ**®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯

મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™ Autoclaved Aerated Concrete Blocks

ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦

sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com